# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળે
જોરાવર પેલેસ સંકુલ, ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in


પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/૨૦૨૩-૨૪/ ૬૫૩૭ તા. ૧૬/૦૭/૨૦૨૪

## પરિપત્ર

પ્રતિ,

તમામ આચાર્યશ્રી,

પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

(ફક્ત સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ)

જીલ્લો : બનાસકાંઠા

**વિષય:- વર્ષ ૨૦૨૪-૨૫ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની કામગીરીનું આયોજન કરવા બાબત**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃતિ/ ગણવેશ સહાય યોજના અને ભારત સરકારની **PM YASASVI Pre Metric Scholarship (Std. 9 to 10) અને Post Matric(11-12)** યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઈન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજના અને ભારત સરકારની **PM YASASVI Pre Metric Scholarship (Std. 9 to 10) અને Post Matric(11-12)** યોજના જુલાઈ-૨૦૨૪ ના અંતિત શરૂ થવાની હોય, પોર્ટલ શરૂ થયા બાદ વિગતવાર પરિપત્ર કરવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ માં **Digital Gujarat Portal** પર વિધાર્થીઓની **Entry** કરતી વખતે નવા જરૂરી મુદ્દાઓ નીચે મુજબ છે. જેની ખાસ નોંધ લેવી.

- Pre Metric ધોરણ ૧ થી ૮ માટે વિધાર્થીઓના આધાર કાર્ડની માહિતી તથા રાશન કાર્ડની માહીતી ભરવી ફરજીયાત છે. જેથી શાળાના આચાર્યશ્રીઓએ તમામ વિધાર્થીઓના આધાર કાર્ડ અને રાશનકાર્ડ મેળવી લેવાના રહેશે.

Scanned by CamScanner

- Post Matric ધોરણ ૧૧-૧૨ અને Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાશનકાર્ડ અને આધારકાર્ડ સાથે Aadhar seeding અને DBT Option ચાલુ કરાવી લેવુ કે જેથી ચુકવણી ઝડપથી થઇ શકે
  Utility - Aadhar seeding પર વિદ્યાર્થીના આધાર કાર્ડ નંબર નાખી ચકાસી શકાય.
- Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વાલીની આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીનો જાતિનો દાખલો/જી.આર. નો ઉતારો (બોનોફાઇડ) અપલોડ કરવા ફરજીયાત હોવાથી શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીના આધાર કાર્ડ, રાશનકાર્ડ, પિતાનો આવકનો દાખલો, વિદ્યાર્થીનો જાતિનો દાખલો/જી.આર. નો ઉતારો (બોનોફાઇડ) મેળવી લેવાના રહેશે.
- Post Matric ધોરણ ૧૧-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વાલીની આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીની બેંક પાસબુક, ફી પહોંચ, વિદ્યાર્થીનો જાતિનો દાખલો, વિદ્યાર્થીનો આધાર કાર્ડ, રાશનકાર્ડ, છેલ્લે પાસ કરેલ વર્ષની માર્કશીટ, જો અભ્યાસમાં Break હોય તો સોગંદનામું અપલોડ કરવું. (Post Matric ધોરણ ૧૧-૧૨ માં વિદ્યાર્થીએ જાતે Digital Gujarat Portal પર ફોર્મ ભરવાનું રહેશે.)
- વિદ્યાર્થીના ફોર્મ ભરવાની જરૂરીયાત મુજબના પુરા ડોક્યુમેન્ટ શાળા પાસે રેકર્ડ પર હોય ત્યાર પછી જ વિદ્યાર્થીની એન્ટ્રી કરવી.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા,પાલનપુર

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

નકલ સવિનય રવાના:
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

Scanned by CamScanner